અભિવાદન - ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત નવરાત્રિ મહોત્સવના ગરબા માણવા પધાર્યા ત્યારે ખેલૈયાઓએ ભાવપૂર્વક મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યું હતું. કલાકારોના ઉષ્માભર્યા આવકારથી આનંદીબેન પટેલે પણ સૌનું અભિવાદન ઝીલ્યું હતું... ૩૫ મિનિટ ગરબા માણ્યા બાદ સુંદર આયોજન અને કલાકારોની પ્રસ્તુતિને મુખ્યમંત્રીએ બિરદાવી હતી. (તસવીર : પરમ ક્રિએશન)

આજે નવલી નવરાતની અંતિમરાત્રિ

આજે છેલ્લા દિવસે ખૈલૈયાઓ મન મુકીને ગરબે ઘુમશે : સેકટરોમાં ગરબાનો રંગ જામ્યો છે ત્યારે છેલ્લા દિવસે માતાજીની ભકિત આરાધના માટે વિશેષ પુજા અર્ચનાનુ આયોજન

ગાંધીનગર તા ૨૦

શહેરમાં નવલી નવરાતની ઉજવણી અંતિમ ચરણમાં છે. આજે નવરાતનો છેલ્લો દિવસ હોવાથી ખૈલૈયાઓ પણ મન મુકીને ગરબે ઘુમી લેવાના મુડમાં છે. ગરબા પ્રમીઓ આખુ વર્ષ જે નવરાતની કાગડોળે વાટ નિહાળતા હોય છે. તેના અંતિમ દિવસે મનભેર ગરબે રમી લેવા ખૈલૈયાઓમાં પણ અનોખો ઉત્સાહ તરવરી રહયો છે. માતાજીની ભકિત આરાધનાના પ્રર્વ દરમિયાન નગરના સેકટરોમાં ગરબાની રમઝટ જામી છે. ત્યારે છેલ્લા દિવસે પણ શેરી ગરબામાં વિશેષ પુજા અર્ચનાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

નવલા નોરતા જોત જાતામાં પુરા થશે સતત આઠ દિવસ સુધી માતાજીની ભકિત આરાધના સાથે સેકટરોમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળી રહી છે. જયારે શેરી ગરબા ઉપરાંત સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ ગરબાની રમઝટ જામી છે. ત્યારે નવરાતના અંતિમ ચરણમાં ખૈલૈયાઓ મન મુકીને ગરબે ઘુમવા ઉત્સુક બન્યા છે. શહેરના સેકટરોમાં નવરાતના આયોજનના લીધે છેલ્લા આઠ દિવસથી અનોખી રોનક જોવા મળી રહી છે. જયારે આજે છેલ્લા દિવસે પણ સેકટરવાસીઓ મન મુકીને ગરબે રમવા ઉત્સુક બન્યા છે. સંસ્થાકીય ગરબામાં પણ નવયૌવન હીલોળે ચઢયુ છે. ત્યારે નવરાતના છેલ્લી રાતે પણ ગરબા પ્રમીઓ મન મુકીને ગરબે રમી લેવા ઉત્સુક બન્યા છે. આઠમના દિવસે પણ મહાઆરતી સાથે ભાવિકો માતાજીની ભકિત આરાધનામાં મશગુલ બન્યા હતા. જયારે આખરી દિવસે પણ શકિતની ભકિત સાથે શહેરમાં ગરબાની રમઝટ જામશે. નગરમાં નવરાતની ઉજવણીના અંતિમ તબક્કામાં ગરબાનો રંગ જામ્યો છે. નગર નવરાતમય બનતા નવદુર્ગાની ભકિતનો માહોલ છવાયેલો જોવા મળે છે.

કલ્ચરલ ફોરમના આંગણે સાતમા નોરતે મુખ્યમંત્રીએ ગરબા નિહાળ્યા ખૈલેયાઓને હાથ ઉંચો કરી અભિવાદન કર્યુ : ખૈલેયાઓને નિહાળી મુખ્યમંત્રી દંગ

કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત મહોત્સવમાં સાતમા નોરતે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગરબા નિહાળ્યા હતા. કલ્ચરલ ફોરમના આંગણે મહેમાન બનેલા આનંદીબેને ગરબા મેદાન સન્મુખ હાથ ઉંચો કરી સૌ ખૈલેયાઓનુ અભિવાદન કર્યુ હતુ. આ તબક્કે ગરબે ઘુમતા ખૈલેયાઓએ પણ તેમનો હાથ ઉંચો કરી અભિવાદન ઝીલ્યુ હતુ. મુખ્યમંત્રી ગઈકાલે રાત્રિના ૧૦:૧૫ કલાકે કલ્ચરલ ફોરમના આંગણે પહોંચ્યા હતા. જયાં ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાં તેમજ સંસ્થાના અન્ય આગેવાનોએ તેમનુ સ્વાગત કર્યુ હતુ. આ તબકકે નગરના ધારાસભ્ય અશોક પટેલ,જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ ગુડાના ચેરમેન આશિષ દવે પુર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા તેમજ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ સહીતના આગેવાનો પણ હાજર રહયા હતા. મુખ્યમંત્રીના આગમનથી ખૈલેયાઓનો જોમ જુસ્સા પણ વધી ગયો હતો. જયારે ગરબા મેદાનમાં ભાતિગળ વસ્ત્રોમાં સજ્જ થઇ અવનવા સ્ટેપ્સ સાથે ઘુમતા ખૈલેયાઓને નિહાળી મુખ્યમંત્રી પણ દંગ રહી ગયા હતા.

ટ્રાફિક બિગ્રેડના જવાનોને છેલ્લા પાંચ મહિનાથી મહેનતાણુ ચુકવાયુ નથી

તહેવાર ટાંણે જ ટ્રાફિકના જવાનોની હાલત કફોડી ત્વરિત મહેનતાણુ ચકવવા માંગ

ગાંધીનગર તા ૨૦

નગરમાં ટ્રાફિક બ્રિગેડમાં ફરજ બજાવતા જવાનોને છેલ્લા પાંચ મહીનાથી કાવડીયા ચુકવાયા નથી. ટ્રાફીક બ્રિગ્રેડમાં કામ કરતા જિલ્લાના ૩૦૦ જેટલા જવાનોને મહેનતાણુ ન ચુકવાતા તહેવાર ટાંણે તેમની હાલત કફોડી બની છે. આવા સંજોગોમાં તેમને એલાઉન્સ ન ચુકવાતા પરિવારજનોને પણ આર્થિક સંકડામણ વેઠવાનો વારો આવ્યો છે.

ગાંધીનગરમાં પેડા પરની જિન્દગી દિનપ્રતિદિન જોખમી બની રહી છે.ત્યારે ટ્રાફિક નિયમનના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે. શહેરમાં રોજબરોજ માર્ગ અકસ્માતો સર્જાતા આમ નાગરિક માટે માર્ગ સલામતીનો મુદ્દો ચિંતાજનક બન્યો છે. આવા સંજોગોમાં જિલ્લા ટ્રાફિક પોલીસ તંત્ર પાસે પણ પર્યાપ્ત

● અનુસંધાન પાન-૭ પર

તુવેરદાળના ઉત્પાદકોની તુવેરદાળનો ભાવ રૂપિયા ૧૩૫ રાખવા તૈયારી

રાજ્ય સરકારે તકેદારીનાં પગલાંરૂપે તુવેરદાળ સહિત અન્ય દાળો ઉપર સંગ્રહ મર્યાદા દાખલ કરવા લીધેલ નિર્ણય

ગાંધીનગર, તા. ૨૦

તુવેરદાળનાં બજારભાવને નિયંત્રિત કરવા માટે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને આજ રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાત રાજ્યનાં અગ્રગણ્ય પલ્સ ઉત્પાદકો અને જથ્થાબંધ વિકેતાઓ, મુખ્યમંત્રીશ્રીના સલાહકારશ્રી કે. કૈલાશનાથન, શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પૂરવઠા નિગમ, અગ્ર સચિવશ્રી, અન્ન નાગરિક પુરવઠા નિગમ અને પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

શેરી ગરબા - નવરાત્રિ પર્વનો ઉત્સાહ - ઉમંગ ઠેર ઠેર જોવા મળી રહ્યો છે... શેરીએ શેરીએ, ચોકઠે - ચોકઠે અને સેક્ટરે-સેક્ટરે શેરી ગરબાઓનું ભવ્ય આયોજન થાય છે... ગાંધીનગરમાં રાજભવન સ્ટાફ ક્વાટર્સ ખાતે પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ શેરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાતમા નોરતે રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ માતાજીની આરતી ઉતારી હતી અને રાજભવન સ્ટાફ ક્વાટર્સ પરિવાર દ્વારા કરાયેલ ગરબાના આયોજન અને ગરબાને નિહાળ્યા હતા. (તસવીર : દિપક જાની)

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ
દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન
જે આપનાં માટે
ફાયદાકારક છે
Maans Nirdosh
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને રોલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
ટોબેકો 100% FREE
જાથાકિ પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડક્ટસ (ઈન્ડીયા), મો.: 9909698314
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીચેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર
ગુજરાત ખાદી ૨૫ % વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં ૨૫ % વળતર
પરપ્રાંત ખાદી ૧૫ % વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં ૧૫ % વળતર
રેશમ ખાદી ૧૫ % વળતર
વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ
ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩
ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦

Since 1986
અભય
ISO 9001:2008
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
AD ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com